રાજ્યમાં ટેકાના ભાવે ૪૬,૦૦૦ મેટ્રિક ટન ઘઉંની ખરીદી

કમોસમી વરસાદના કારણે રાજ્યમાં પલળી ગયેલા ઘઉંની ખરીદી : વરસાદથી ઘઉંને થયેલા નુકસાનનો ભોગ બનેલા રાજ્યના ખેડૂતોના આર્થિક હિતમાં નિર્ણય કરવામાં આવ્યો : ૧૦ ટકા સુધીની કપાત વગર ખરીદી થઇ

અમદાવાદ, તા.૧૩

ચાલુ વર્ષે વારંવારના કમોસમી વરસાદના કરાણે રાજયમાં ઘઉંના પાકન થયેલ નુકસાન સમક્ષ સમયસરની રજૂઆતના પગલે લસ્ટરલોસના પેરામીટમાં ૧૦ ટકા સુધીની કોઈપણ કપાત કર્યા વિના ઘઉંની ખરીદી ટેકાના ભાવે કરવાની કેન્દ્ર સરકારે છુટ આપતા અત્યાર સુધીમાં લઘુત્તમ ટેકાના ભાવ રૂપિયા ૧૪૫૦ પ્રતિ ક્વીન્ટલના ભાવથી ૪૬૦૦૦ ટન ઘઉંની ખરીદી રાજય સરકારે ખેડુતો પાસેથી કરી છે. આ ખરીદી તા. ૩૧-૫-૨૦૧૫ સુધી ચાલુ રાખવામાં આવશે તેમ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. રાજય સરકારની સમયસર રજૂઆતના પગલે લસ્ટરલોસની મળેલી છુટછાટના કારણે આ ખરીદી શક્ય બનતાં ખેડુતોને થતું આર્થિક નુકસાન અટક્યુ છે. સામાન્ય રીતે કેન્દ્ર સરકારના નિયમો મુજબ ટેકાના ભાવે ઘઉંની ખરીદીની યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા નિશ્ચિત કરાયેલા ગુણવતાના ધારધોરણ મુજબ એટલે કે ફેર એવરેજ ક્વોલીટીના ઘઉં પ્રાપ્ત કરવાના હોય છે. ઘઉંના પાક અને જથ્થાને કમોસમી વરસાદથી થયેલ નુકસાનના પગલે ખેડુતોના આર્થિક હિતમાં ટેકાના ભાવે જ ઘઉંની ખરીદી થાય તે માટે રાજય સરકારે સમયસર ભારત સરકારને રજૂઆત કરતાં કેન્દ્ર અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ક્લોલીટી કંટ્રોલ સેલ વગેરેની ટીમે ગત દિવસોમાં રાજયમાં ત્રણ દિવસમાં જ સર્વે કરી રાજયના અસરગ્રસ્ત વિસ્તારોના ૧૮ જેટલા માર્કેટીંગ યાર્ડની રૂબરૂ મુલાકાત લઈ ખેડુતો દ્વારા રજૂ કરાયેલા ઘઉંના નમૂના મેળવી તેનું પૃથ્થકરણ કરી કેન્દ્ર સરકારને અહેવાલ મોકલી આપ્યો હતો. આ અહેવાલ પર કેન્દ્ર સરકારે પણ રાજય સરકારની લાગણી અને રજૂઆતોને ધ્યાને રાખી ખેડુતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લઈને લસ્ટરલોસના પેરામીટરમાં ૧૦ ટકા સુધીની કોઈ પણ કપાત વગર ખરીદીની છુટછાટ આપતા પ્રતિ ક્વીન્ટલ રૂપિયા ૧૪૫૦વા લઘુત્તમ ટેકાના ભાવે ૪૬૦૦૦ ટન ઘઉંની ખરીદી રાજયમાં શક્ય બની છે. રાજય સરકારે રવી માર્કેટીંગ સિઝન ૨૦૧૫-૧૬ દરમિયાન ખેડુતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.તથા ભારતીય ખાદ્ય નિગમને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે. પુરવઠા નિગમ દ્વારા એ.પી.એમ.સી ખાતે ૪૨ જેટલા ખરીદ કેન્દ્રો અને નિગમના ગોડાઉનો ખાતે ખરીદ કેન્દ્રો ખોલાતા આ બન્ને એજન્સીઓ ભેગા મળીને આજ સુધીમાં ૪૬૦૦૦ મેટ્રિક ટન ઘઉંની ખરીદી કરેલ છે.

અમૂલ કો-ઓપરેટિવમાં કોંગ્રેસ પક્ષની ભવ્ય જીત

શ્વેતક્રાંતિ કોંગ્રેસ પક્ષની દેન છે : કોંગ્રેસના પ્રતિનિધિઓએ દુધ મંડળી પશુપાલકોનું ધ્યાન રાખી સુંદર વહીવટ કર્યા છે : અહેમદ પટેલ

અમદાવાદ, તા.૧૩

અમુલ કો-ઓપરેટીવમાં કોંગ્રેસ પક્ષના ભવ્ય વિજય બદલ ચૂંટાયેલા પ્રતિનિધિઓને અભિનંદન આપતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્વેચક્રાંતિ એ કોંગ્રેસ પક્ષની દેન છે. અમુલ કો-ઓપરેટીવમાં કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિઓએ હંમેશા દૂધ મંડળી, દૂધ ખાતેદારો-પશુપાલકોનું ધ્યાન રાખીને સુંદર-સક્ષમ વહીવટ કર્યા છે. સહકાર પ્રવૃત્તિને વેગવંતી બનાવી છે. ભાજપના તમામ પ્રયાસોને નિષ્ફલ બનાવીને ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓને કોંગ્રેસ પક્ષ હાર્દિક અભિનંદન પાઠવે છે. અમુલ કો-ઓપરેટીવમાં કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિઓના ભવ્ય વિજય બદલ હાર્દિક અભિનંદન પાઠવતાં ગુજરાત પ્રદેશ પક્ષના સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, અમુલ કો-ઓપરેટીવમાં કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિઓએ સ્વચ્છ અને પ્રગતિશીલ નેતૃત્વ આપ્યું છે. તમામ સભાસદોની સાથે હંમેશા સહકારની ભાવનાથી દેશનાં અમુલનું આગવું સ્થાન પ્રાપ્ત થયું છે. કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિઓએ જંગી મતોથી વિવિધ વિભાગોમાં જીત મેળવી છે. ભાજપના શાસકોએ અમુલ સંસ્થા કબજે કરવા તમામ પ્રકારના હથકંડા અને કાવાદાવાનો પ્રયાસ કર્યો હતો. સરકરી તંત્ર અને ખાસ કરીને પોલીસ તંત્ર દ્વારા ધાક-ધમકી, ખોટા કેસો જેવી બાબતો છતાં અમુલના વિવિધ મતદારોએ કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિઓમાં વિશ્વાસ વ્યક્ત કરીને ભવ્ય જીત અપાવી છે. ભાજપ શાસકોને દૂધ ઉત્પાદકો, દૂધ મંડળી, પશુપાલકોની આ મોટી લપડાક છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામતજીએ અમુલની પ્રતિષ્ઠાજનક ચૂંટણીમાં વિજય બદલ હાર્દિક અભિનંદન આપતા જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીના પરિણામના એક વર્ષના સમયમાં જ સમગ્ર દેશનો મૂડ બદલાઈ રહ્યો છે. રાજસ્થાનની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષના ૧૫ ટકા મતોની ટકાવારીમાં વધારો નોંધાયો છે. અમુલ કો-ઓપરેટીવમાં કોંગ્રેસ પક્ષનો વિજય જ દર્શાવે છે કે, ભાજપ આગામી ચૂંટણીમાં કારમી હારનો સામનો કરશે.

મોડાસાના ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ રૂમ શોભાના ગાંઠીયા સમાન

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી લોકોની આરોગ્ય વિષયક સેવાઓ માટે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજય સરકાર આરોગ્ય વિભાગ દ્વારા બનાવવામાં આવ્યું છે. પરંતુ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પી.એમ. રૂમ હોવા છતાં મૃતકોના પોસ્ટમોર્ટમ માટે ટીંટોઈ ગામથી ૨૦ કિમી દૂર મોડાસા શહેરમાં લઈ જવા પડતા હોવાથી સ્થાનિક લોકો અને આજુબાજુના પ્રજાજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની વસતી ૧૫૦૦૦થી વધારે છે અને આજુબાજુના ૪૦ ગામોના પ્રજાજનોની આરોગ્ય વિષયક સેવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમાર્ટમ રૂમ છે. પરંતુ તબીબોના અભાવે પી.એમ. રૂમ શોભાના ગાંઠીયા સમાન બની ગયો છે. મોડાસા-શામળાજી રાજય ધોરી માર્ગ ટીંટોઈ પાસેથી પસાર થાય છે અને અહીં છાશવારે જીવલેણ અકસ્માતમાં લોકોએ જીવ ગુમાવવા પડતા હોય છે અને આ મહિનાની અંદર ટીંટોઈની આજુબાજુ ૬ લોકોથી વધારે વ્યકિતઓએ અકસ્માતમાં મૃત્યુ નિપજયા હતા જેની નજીક ટીંટોઈ પી.એચ.સી. હોવા છતાં અને પી.એચ.સી.માં પોસ્ટમોર્ટમ રૂમની સુવિધા હોવા છતા પી.એમ.ની સુવિધા ન મળતાં મૃતકોની લાશ મોડાસા ખાતે લઈ જવી પડી હતી. આમ આ પી.એમ. રૂમ શોભાના ગાંઠીયા જેવી પડી છે. જેથી આસપાસના ૪૦થી વધુ ગામોની જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

વેકેશન દરમિયાન સાયન્સ વર્ગો ચાલુ રાખવા માંગણી

અમદાવાદ,તા. ૧૩

સ્વનિર્ભર શાળાઓમાં વેકેશન અને જાહેર રજાઓના દિવસે વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલુ રાખવા દેવા માટે વાલીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે. આ મામલે વાલીઓ દ્વારા આગામી સમયમાં શિક્ષણ સચિવને પત્ર લખીને પોતાની માંગ રજુ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ વાલીઓ દ્વારા ખાનગી શાળા સંચાલકો દ્વારા કરાવમાં આવતા આડેધડ ફી વધારા અંગે પણ રજુઆત કરવામાં આવશે. આ અંગે વાલીઓએ જણાવ્યું હતું કે, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વાર્ષિક કેલેન્ડર મુજબ વિજ્ઞાન પ્રવાહમાં ત્રીજા સેમેસ્ટરમાં ૧૧૫ અને ચોથા સેમેસ્ટરમાં ૯૦ દિવસ શૈક્ષણિક કાર્ય માટે મળવા પાત્ર થાય છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને શાળામાં રજાના દિવસો અને વેકેશનમાં ભણતા અટકાવવામાં આવે તો કોર્ષ પુરો કરવો અશક્ય બની જાય છે. તેમજ પ્રિલીમરી પરીક્ષાઓ લેવી પણ મુશ્કેલ બને છે. જેથી વેકેશન અને જાહેર રજાઓમાં ફરજીયાત શાળા બંધ રાખવાના સરકારી નિયમમાંથી વિજ્ઞાન પ્રવાહને મુક્તી આપવી જોઈએ. આ ઉપરાંત વાલીઓએ વધુમાં જણાવ્યું હતું કે, ખાનગી શાળાઓ દ્વારા જે રીતે દર વર્ષે આડેધડ રીતે ફી વધારો કરવામાં આવે છે. તે કોઈપણ રીતે યોગ્ય નથી. શાળા સંચાલકોએ ફી વધારો કરતા સમયે વાલીઓની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખવો જોઈએ. ત્યારે બેફામ રીતે ફી વધારો કરતી શાળાઓ સામે શિક્ષણ વિભાગે પગલા ભરવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામા આવે છે. જેમાં જાહેર કરાયેલ રજાઓના દિવસે શાળામાં શૈક્ષણિક કાર્ય કરી શકાતુ નથી જોકે તેમ છતાં અભ્યાસક્રમ પુરો કરવા માટે કેટલીક ખાનગી શાળાઓ દ્વારા વેકેશન અને જાહેર રજાઓના દિવસે શાળાઓ ચાલુ રાખવામાં આવતી હોવાની ફરીયાદો સામે આવે છે. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા ચેકિંગ કરી આવી કોઈ શાળા પકડાય તો તેને દંડ ફટકારવામાં આવશે.

રેતી ઉત્ખનન માટેના બ્લોક ફાળવવા ઈ-ઓક્શન પધ્ધતિ અમલી બનાવાઈ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારે પારદર્શક પધ્ધતિથી રેતી ઉત્ખનન માટેના બ્લોક ફાળવવા ઈ-ઓક્શન પધ્ધતિ અમલમાં મુકી છે. ઈ-ઓક્શન માટે નવ જિલ્લામાં રેતીના ૧૬૩ બ્લોક્સ જાહેર કરવામાં આવ્યા છે.

રાજ્યના નાણાં અને ખાણ, ખનીજ વિભાગના મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુંહતુંકે, રેતી જેવી ખનીજોના ઉત્ખનનમાં પારદર્શકતા લાવવા અને ગેરરીતિનો અવકાશ ન રહેતે હેતુસર મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ઈ-ગવર્નન્સના સહારે ઈ-ઓક્શન દ્વારા રેતીના બ્લોક્સ ફાળવવા નિર્ણય કર્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રેતી ઉત્ખનનમાં ઈ-ઓક્શનની અમલવારી કરીને પારદર્શિતા સાથે સાથે રોયલ્ટી ઉપરાંત રૂ. ૪૭.૮૭ કરોડ જેટલી વધારાની રકમ પણ મેળવી છે.

મંત્રીશ્રીએ રેતી ઉત્ખનનમાં ઈ-ઓક્શન સંદર્ભે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હાલ રાજ્યમાં જુદી જુદી જગ્યાએ રેતીના ૧૬૩ બ્લોક જાહેર કર્યા છે તે પૈકી કચ્છમાં-૪૭, તાપીમાં-૩, પાટણ-૨, બોટાદ-૧૯, ભાવનગર-૯, સાબરકાંઠા-૩૯, સુરેન્દ્રનગર-૧૪, ખેડા-૧૨ અને આણંદમાં ૧૮ જેટલા બ્લોકસ જાહેર કરાયા છે. આ તમામ બ્લોકની ઈ-હરાજી દ્વારા ફાળવણી કરાશે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે જાહેર કરાયેલા ૧૬૩ બ્લોક પૈકી હાલના તબક્કે રાજ્યમાં બોટાદ, ભાવનગર, તાપી, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લામાં કુલ મળીને રેતીના ૫૦ બ્લોક્સની ઈ-હરાજી કરાઈ છે અને રોયલ્ટી ઉપરાંત પ્રીમીયમ તરીકે વધારાના રૂ. ૪૭.૯૭ કરોડ રાજ્ય સરકારે મેળવ્યા છે. આ ઈ-ઓક્શનમાં બોટાદમાં ૧૯ પૈકીના ૧૩ રેતીના બ્લોક્સની ઈ-હરાજીથી રોયલ્ટી ઉપરાંત વધારાના રૂ. ૬.૧૫ કરોડ, ભાવનગરના ૬ બ્લોકની ઈ-હરાજીથી રૂ. ૫.૧૩ કરોડ, તાપીમાં ૩ રેતીના બ્લોકની હરાજીથી રૂ. ૭.૪૨ કરોડ સુરેન્દ્રનગરમાં ૪ રેતીના બ્લોક્સની ઈ-હરાજીથી રૂ. ૧.૩૪ કરોડ જ્યારે સાબરકાંઠા જિલ્લામાં રેતીના ૨૪ બ્લોક્સની ઈ-હરાજીથી રોયલ્ટી ઉપરાંત પ્રીમીયમની વધારાની રૂ. ૨૭.૮૩ કરોડની આવક રાજ્ય સરકારને થઈ છે.

ઈન્કમટેક્ષ કાયદામાં સુધારાથી સહકારી ખાંડ મંડળીઓને રાહત

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના ખાંડ ઉદ્યોગમાં એક સમયે બહુચર્ચિત બનેલ ઈન્કમટેક્ષની નોટીસોના પ્રશ્ને ભારે હોબાળો મચ્યો હતો ત્યારે તે સમયની કેન્દ્ર સરકારે ખાંડ ઉદ્યોગ મંડળી દ્વારા એફઆરપી કરતા વધારે ચુકવેલા ભાવને ટેક્ષપાત્ર ગણી વસુલાત માટે સુગર મીલોને નોટીસો ફટકારી હતી. આ સમયે પણ ગુજરાત સરકાર અને રાજ્ય ખાંડ-ઉદ્યોગ સંઘે ખેડૂતોના પડખે રહી સતત રજુઆતો કરી હતી. આયકર વિભાગ દ્વારા કેન્દ્ર સરકાર ટેક્ષના જે ભાવો નક્કી કરે તેનાથી ઉપરના ભાવોને સહકારી ખાંડ મંડળીઓનો નફો ગણવાનું ખોટુ અર્થઘટન આયકર વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આ બાબતે ખાંડ ઉદ્યોગ સંઘના ચેરમેન માનસિંહ પટેલ તથા અન્ય સહકારી આગેવાનો દ્વારા હાલની સરકાર સમક્ષ રજૂઆત કરતા તાજેતરના નાણાં બિલમાં ઈન્કમટેક્ષ કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે. જે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી અરૂણ જેટલીનો હકાર્તાત્મક અભિગમ મુખ્ય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહુવા તાલુકાના પાંચ કાકડા ગામે ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓ અને ખેડૂતોને મદદરૂપ થવાનું આપેલ વચન પાળી બતાવતા ખાંડ ઉદ્યોગમાં હર્ષની લાગણી પ્રવર્તી રહી છે.

ગત તા. ૧૧મી મે એ ખાંડ ઉદ્યોગ સંઘના ચેરમેન માનસિંહ પટેલે સીબીડીટીના ચેરમેન અનિતા કપૂર સાથે મુલાકાત કરી તમામ હકીકતોથી વાકેફ કર્યા હતા. હવે ખાંડ મંડળીઓને ઈન્કમટેક્ષ લાગુ નહી પડે તે અંગેના પરિપત્રો ટુંક સમયમાં જે તે વિભાગને મોકલી દેવામાં આવશે. જેનો અમલ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલમાં આવશે. પાછલી વસુલાત અંગે સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલ કેસોના નિર્ણય આવ્યા પછી નક્કી કરાશે.

નનાનપુરના મેલડી માતા ધામે પાટોત્સવનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે આવેલ રાજરાજેશ્વરી મેલડી માતાના તથા સમીમાતા ના મઢનો ચોથો પાટોત્સવ તા. ૧૩, ૧૪, ૧૫ મે સુધી યોજાઈ રહ્યો છે. સમસ્ત પંચાલ સમાજ તથા નનાનપુર ગ્રામજનો આ પ્રસંગને સફળ બનાવવા ભારે પરિશ્રમ કરી રહ્યા છે.

હોમ, હવન, શોભાયાત્રા, રાસ, ગરબા તેમજ મહાપ્રસાદનાં સુંદર આયોજનો ઉપાસક હર્ષદભાઈ પંચાલ તેમજ પરિવારો દ્વારા કરવામાં આવ્યા છે ગામના તમામ ઘરો ગામને આસોપાલવના તોરણેથી શણગારવામાં આવ્યા છે. ત્રિદિવસીય આ કાર્યક્રમમાં ભકિતનો મહાસાગર ઉભરાનાર છે ઉપરાંત સ્વચ્છતા સહિતના કાર્યક્રમનો પ્રચાર પણ કરવામાં આવી રહ્યો છે. સમસ્ત ગામ મા જગદંબાનો મહાપ્રસાદ લઈ પાવન થનાર છે.

નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં એડવાન્સ્ડ થાઈરોઈડ ગ્લાન્ડ કેન્સરની સારવાર

કેન્સર દર્દીના વોઈસ બોક્સ (લેરીન્કસ), અન્નનળી (ઈસોફેગસ) અને શ્વાસનળી(ટ્રેચીઆ)માં ફેલાયું હતું

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદની નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના નિષ્ણાતોના અથાગ પ્રયત્નોએ ભૂજના ૪૩ વર્ષીય માણસની સારવાર કરી તેને નવું જીવન આપ્યું છે. આ કેસ હોસ્પિટલને રીફર કરાયો ત્યારે દર્દીને એડવાન્સ્ડ થાઈરોઈડ ગ્લાન્ડ કેન્સર હોવાનું નિદાન થયું હતું અને તેની શસ્ત્રક્રિયા જોખમથી ભરેલી હતી. માથા અને ગળાના કેન્સર સર્જરીના કન્સલટન્ટ ડૉ. નિરવ ત્રિવેદીના નેતૃત્વમાં નિષ્ણાતોની એક ટીમે તબક્કાવાર પ્રક્રિયાનું આયોજન કર્યુ, જેને માથા અને ગળાના કેન્સર સર્જરીના કન્સલટન્ટ ડૉ. ગિરિશ શેતકર તથા માથા અને ગળાના કેન્સર સર્જરીના ફેલો ડૉ. નિશાંત ઉપાધ્યાયનો સહયોગ મળ્યો તેમજ સિનિયર કાર્ડિઆક સર્જન ડૉ. અતુલ માસ્લેકરે નાની પરંતુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. દર્દીએ હોસ્પિટલની મુલાકાત લીધી ત્યારે તેના વોઈસ બોક્સ (લેરીન્કસ), અન્નનળી (એસોફેગસ) અને શ્વાસનળી (ટ્રેચીઆ) તથા કરોડરજ્જુ સુધી કેન્સર ફેલાઈ ગયું હતું.

દર્દીને કેટલાક વર્ષથી ગળામાં સોજો આવ્યો હતો, પરંતુ તેનાથી કોઈ પીડા થતી ન હોવાથી તેની સારવાર કરાવી નહોતી. આ સોજો ૧૦-૧૦ સેમી જેટલો મોટો થઈ ગયો હતો તેમ છતાં દર્દીને કોઈ પીડા થતી નહોતી. જો કે, ધીમે ધીમે તેને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગતાં તેણે સ્થાનિક હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો, જ્યાં તેને સિમ્પ્ટોમેટિક સારવાર અપાઈ હતી, (જેમાં બીમારીની તબીબી સારવાર અપાય છે, જે માત્ર લક્ષણો પર અસર કરે છે) ત્યાર બાદ આ ગાંઠ એટલી બધી મોટી થઈ ગઈ હતી કે શસ્ત્રક્રિયા કરવી પણ મુશ્કેલ થઈ ગઈ હતી. તેણે કરોજરજ્જુમાં થતો દુઃખાવો ઘટાડવા માટે રેડિયોથેરપી પણ મેળવી હતી. જો કે, તેણે નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલનો સંપર્ક કર્યો તે પહેલાં તેની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હતી.

દર્દીની યોગ્ય સારવાર થઈ હોવા છતાં માથા અને ગળાના કેન્સરની સર્જરી, કાર્ડિઆક સર્જરી, ક્રિટિકલ કેર અને એનેસ્થેસિઓલોજી વિભાગના ડૉક્ટરોની ટીમે દર્દીને કેન્સર મુક્ત કરવા માટે શસ્ત્રક્રિયા કરવાનું આયોજન કર્યું છે. શસ્ત્રક્રિયા કરતાં પહેલાં દર્દી અને તેના પરિવારજનોને સંભવિત જટીલતાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત કેટલીક ટેકનિકલ બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવી હતી, જેમાં દર્દીને શ્વોસોચ્છવાસની તકલીફ હોવાથી એનેસ્થેસિઆના નિરિણ સહિતનો સમાવેશ થાય છે. દર્દીને કેન્સર ફેલાયું હતું તે શ્વાસનળી મારફતે એનેસ્થેસિયા આપવું શક્ય ન હોવાથી એનેસ્થસિઆ આપવા માટે ફાઈબર ઓપ્ટિક એન્ડોસ્કોપ નાંખવા ટીમને બે કલાક જેટલો સમય લાગ્યો હતો.

વાવાઝોડા સાથે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પલ્ટાના લીધે શહેરમાં આયોજીત લગ્ન પ્રસંગોના આયોજકો પણ મુંઝાયા હતા.ભારે પવન અને વંટોળના લીધે શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક રસ્તાઓ પર કચરાનો ઢગ ખડકાઈ ગયો હતો. બપોરના આકરા તાપ બાદ અચાનક સર્જાયેલા વાતાવરણ પલ્ટાથી ઠંડક પ્રસરી હતી. વરસાદી વાતાવરણના લીધે શહેરમાં શેરડીના રસના કોલાવાળા તેમજ ફ્રુટ જયુસની લારીઓ બંધ થઈ ગઈ હતી. કમૌસમી વરસાદના લીધે ખેડુતોમાં હાંશકારા સાથે આગામી ચોમાસાની આશા જન્મી છે.જો કે મોડીસાંજે વરસાદી ઝાપટાની સાથે પવનનું જોર પણ શાંત પડી જતા નગરજનોને રાહત થઈ હતી.

હોસ્પિટલ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨, ૩, ૪, ૧૦ અને ૧૧માં પણ છે.

શહેરમાં આરોગ્ય સેવાના આધુનિકરણને સ્થાન મળે તે માટે ૬ જેટલા ડૉક્ટર હાઉસ અને એક કોર્પોરેટ હોસ્પિટલ માટે પ્લોટ ફાળવવામાં આવેલ છે. ૧૦ હજાર ચો.મી.ના આ પ્લોટોમાં કોર્પોરેટ હોસ્પિટલ માટે પાંચ હજાર ચો.મી.નો પ્લોટ સે. ૬માં દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત સે. ૬, અને સે. ૨૩માં ડૉક્ટર હાઉસ માટે પણ ૮૪૦ ચો.મી.થી ૧૦૦૦ ચો.મી.ના પ્લોટ અલગ તારવવામાં આવ્યા છે.

રહેણાંક માટે ફ્લેટ બનાવવા સે. ૨૨માં ૪ જેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત ડુપ્લેક્સ મકાનો માટે ૪૧ જેટલા પ્લોટ સે. ૨૮, ૨૩, ૨૨, ૩૦, ૨૧માં ફાળવવામાં આવ્યા છે.

જિલ્લાતંત્ર દ્વારા ઈ-હરાજી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વખતે પ્લોટોની હરાજી ઈ-હરાજી હોવાથી તંત્રને તૈયારી માટે ખાલી કવાયત કરવી પડી રહી છે. હરાજીની પ્રક્રિયા સંપન્ન થયા બાદ એક સપ્તાહમાં કયા બીડરની બીડ મંજૂર કરાઈ તેની જાણ તંત્ર દ્વારા કરવામાં આવશે. આ પછી તેણે નિયત કરાયેલ સમય મર્યાદામાં બાકીના નાણાં જમા કરાવવાના રહેશે જે બાદ તેને સનદ આપવામાં આવશે. તંત્ર દ્વારા આ હરાજી માટે પહેલીવાર તાલિમ હોવાથી તેનું સાહિત્ય પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

હોંગકોંગના પ્રવાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીઓ, મેયરઓનો સમાવેશ કરવામાં આવેલો છે. મુખ્યમંત્રી આ ફોરમાં ભારત અને ચાયના વચ્ચે વિકાસશીલ ભાગીદારીપૂર્ણ સંબંધોમાં રાજ્યો-પ્રોવિન્સની ભૂમિકા વિષયક પ્રથમ સત્રમાં ભાગ લેશે. આનંદીબેન પટેલ તેમના ચાયના પ્રવાસ દરમ્યાન મેન્યુફેકચરીંગ એન્જીનીયરીંગ, ટેક્ષટાઈલ, એમ.એસ.એમ.ઈ, ફાયનાન્સિયલ સર્વિસીસ તેમજ ટેકનોલોજી, રિન્યુએબલ એનર્જી અને સ્કીલ ડેવલપમેન્ટ તથા બાંધકામ ક્ષેત્રોમાં સહભાગીતાના સંબંધો વિકસાવવા અંગે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાના છે. મુખ્યમંત્રી ગુજરાતના મહત્વકાંક્ષી એવા ગિફ્ટ સિટી, ધોલેરા, દહેજ એસઆઈઆર, સ્માર્ટ સિટીઝ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સુરતના ડ્રીમસિટી તેમજ ગુજરાતની ઓટો હબ તરીકે ઉભરી રહેલી શાખ-પ્રતિષ્ઠાને પણ ચીન પ્રવાસ દરમ્યાનમાં ત્યાં ઊજાગર કરશે. અન્ને એ નિર્દેશ કરવો જરૂરી છે કે ચીનના રાષ્ટ્રપતિની સપ્ટેમ્બર-૨૦૧૪માં ગુજરાત મુલાકાત દરમ્યાન વડાપ્રધાનની ઉપસ્થિતિમાં ત્રૅણ સમજૂતિ કરાશે. એમઓયુ કરાયા હતા જેમાં ચીનના ગ્વાંગડોંગ અને ગુજરાત વચ્ચે સિસ્ટર પ્રોવિન્સ સ્થાપિત કરીને દ્વિપક્ષી સાંસ્કૃતિક-સામાજિક સંબંધો વિકસાવવા માટે, ગુજરાતના અમદાવાદ અને ચીનના ગ્વાંગઝો શહેર વચ્ચે સિસ્ટર સીટી એગ્રીમેન્ટથી અર્થતંત્ર, વ્યાપાર, પર્યાવરણ સંરક્ષણ જાહેરનીતિ, શિક્ષણ, સ્વાસ્થ્ય ક્ષેત્રોં અનુભવોની આપ-લે નોલેજ શેરિંગ માટે તથા ગુજરાતમાં ચાયનીઝ ઈન્ડ્રસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા અંગેનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીના ચીન પ્રવાસ દરમ્યાન આ ત્રણ મહત્વપૂર્ણ વિષયોને પણ મૂલાકાત-બેઠકો અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. ગુજરાત માટે વિશેષ મહત્વપૂર્ણ બની રહેનાર મુખ્યમંત્રીના ચીન પ્રવાસમાં બૈજિંગ મૂલાકાત દરમ્યાન ચીન-ગુજરાત વચ્ચે ગર્વમેન્ટ ટાઈઝ, ગ્વોંઘઝ મુલાકાતમાં મેન્યુફેકચરીંગ ક્ષેત્રે તેમજ શિનઝિનમાં ફાયનાન્સિયલ સર્વીસીસ તથા હોંગકોગમાં રોકાણ, આંતરમાળખાકીય સુવિધા અને શહેરી વિકાસના વિવિધ ક્ષેત્રઓ કેન્દ્રસ્થને રહેશે. ગુરુવારે સવારે ચીન પ્રવાસે જઈ રહેલા મુખ્યમંત્રી આનંદીબેન નેતૃત્વમાં ગુજરાતના પ્રતિનિધિમંડળમાં અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલ, ઊદ્યોગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ મુખ્યમંત્રીના અગ્રસચિવ એસ.અપર્ણા, અમદાવાદ મ્યુ.કમિશનર ડી.થારા, ઉદ્યોગ કમિશ્નર મમતા વર્મા તેમજ ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વેપાર-ઊદ્યોગ સંચાલકોનો સમાવેશ થાય છે.

એજન્સીને સોંપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિભાવણીનું કામ ટોરેન્ટ માટે મુશ્કેલ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જેથી અંદાજે દોઢ વર્ષ અગાઉ પણ ટોરેન્ટ દ્વારા સ્ટ્રીટ લાઈટની જવાબદારીમાંથી છૂટી જવા સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી.જો કે આ મામલે સરકાર કક્ષાએથી વિચારણા હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરવાનું નક્કી થયું હતું જયારે સ્ટ્રીટ લાઈટના મુદ્દે નવી વ્યવસ્થા ગોઠવાય ત્યાં સુધી ટોરેન્ટને આ જવ